# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૧ જૈન તીર્થો ની અવધારણા

વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ
તારીખ – ૦૯/૧૨/૨૦૨૨

જૈન તીર્થોની ગાથાઓ અંગે વાત કરતા પહેલા જૈન તીર્થોની અવધારણા એનો concept શું છે એ વિશે જાણીએ.તીર્થ શું છે? તીર્થ યાત્રા શું છે? પહેલા ના સમયમાં તીર્થયાત્રા કઈ રીતે થતી હતી? આપણા આગમોમાં તીર્થયાત્રા સંબંધી કેવા ઉલ્લેખો મળે છે? એ બધું જ જાણવું જરૂરી છે.

માત્ર જૈન ધર્મ જ નહીં પણ બીજા જેટલા પણ ધર્મ છે,એ બધામાં જ પ્રાયઃ કરી ને પોતાની પવિત્ર ભૂમિઓ નું સ્પર્શન,એમની પૂજા ,એમની આરાધના એ કરવાની પ્રથા રહી છે જેને સામાન્ય રીતે નામ આપવામાં આવ્યું છે અને તેને કર્તવ્યરૂપે પણ જણાવ્યું છે. જેવી રીતે હિંદુઓમાં પ્રસિદ્ધ તીર્થધામો છે.તેઓની જીવનકાળમાં એકવાર યાત્રા કરવાનું ફરજિયાત કહ્યું છે જેમકે ચારધામની યાત્રા.એ રીતે દરેક ધર્મમાં પોત પોતાના હિસાબે અનુસારે તીર્થયાત્રાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.એ જ રીતે જૈન ધર્મમાં આપણા ધર્મમાં પણ તીર્થયાત્રા ની વર્ષો થી જે અવધારણા concept ચાલતો આવ્યો છે એ વિશે જાણીએ.

તીર્થનો એક સામાન્ય અર્થ લઈએ તો શ્રી સ્થાનાંગ સૂત્ર આગમમાં ખુબ સરસ રીતે ફરમાવ્યું છે' તિર્યતી અનેનેતી તીર્થ' એટલે કે જેના દ્વારા પાર થવાય છે,એને તીર્થ કહેવાય છે.સામાન્ય અર્થમાં લઈએ તો નદી, સમુદ્ર વગેરે ના જે કાંઠા હતા તેની પાર જવાની જે યાત્રા શરૂ કરવામાં આવી એને તીર્થ કહેવામાં આવે છે એટલે કે તીર્થ .આપણે હિંદુ ધર્મમાં પણ જોઈએ તો ગંગા,યમુના આ બધાને તીર્થ સ્થાન કહેવામાં આવ્યા છે. તો આના દ્વારા પાર ઉતારવામાં આવે છે એટલે આ સામાન્ય અર્થ લઈએ તો જેના દ્વારા પાર થવાય છે,તેને તીર્થ કહેવાય છે.આ સામાન્ય અર્થ

આપણને જાણવા મળ્યો છે. હવે એનો એક લાક્ષણિક અર્થ છે જેને સમજવાનો આપણે પ્રયાસ કરીશું. આપણા જૈન ધર્મમાં તીર્થ શબ્દનો અર્થ માત્ર કોઈ પવિત્ર સ્થળ માટે નથી વાપરવામાં આવ્યો પણ એનો એક બહુ જ વ્યાપક અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.આવશ્યક નિર્યુક્તિ આગમમાં આપણે જોઈએ તો શ્રુત ધર્મ,સાધના માર્ગ,પ્રવચન અને તીર્થ આ સર્વેને સમાનાર્થી રૂપે વર્ણવવામાં આવ્યા છે.એટલે આ બધાનો અર્થ એકસમાન જ છે. એનો લાક્ષણિક અર્થ જોઈએ તો જે સંસાર સમુદ્રમાંથી પાર કરાવે છે તે તીર્થ છે એટલે માત્ર ફિઝિકલ દ્રવ્ય તીર્થ નહિ પણ મોક્ષમાર્ગ તીર્થંકરે સ્થાપેલો ધર્મ માર્ગ પણ એક તીર્થરૂપી છે,એક તીર્થ છે. એટલે તીર્થ નો અહીં એક વ્યાપક અર્થ શાસ્ત્રકાર ભગવંતો એ આપણને સમજાવ્યો છે એ સાથે સાથે આપણને તીર્થના પ્રકાર જણાવ્યા છે જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ.આપણે બધા જ જાણતા હશું કે જે આપણો શ્રમણ સંઘ છે,જે આપણી દ્વાદશાંગી છે એ જંગમ તીર્થમાં આવે અને બાકી જે પવિત્ર તીર્થ દ્રવ્ય ભૂમિ છે એ સ્થાવર તીર્થમાં આવે છે.સ્થાવર તીર્થને પણ આપણે મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકીએ કલ્યાણક તીર્થો,સિદ્ધ ક્ષેત્રો અને અતિશય ક્ષેત્રો. જે જે વિશિષ્ટ ભુમીઓમાં તીર્થંકર પરમાત્માઓના પાંચેય કલ્યાણકો થયા છે એને કલ્યાણક તીર્થ કહેવાય છે, જે રીતે અયોધ્યા,વારાણસી,સંમેતશિખરજી .આ બધા કલ્યાણક તીર્થો છે. સિદ્ધ ક્ષેત્ર કે જે ભૂમિથી અનંત અનંત આત્માઓ સિદ્ધ ગતિને પામ્યા છે જેમકે શેત્રુજય, ગિરિરાજ,તારંગાજી, આજે તારંગાજી ને આપણે ઘણા લોકો અજિતનાથ ભગવાનના પ્રાસાદ થી ઓળખીએ છીએ. પણ દિગંબર પરંપરા માં એમ કહેવામાં આવે છે કે એ ભૂમિ માં સાડા ત્રણ કરોડ મુનિ ભગવંતો મોક્ષે ગયા છે.ત્યાં કોટી શીલા પણ છે અને એમ કહેવાય છે કે એમની માન્યતા છે કે વરદત્ત ગણધર અને સાગરદત્ત ગણધર સાડા ત્રણ કરોડ મુનિ ભગ વંતો સાથે તારંગાથી મોક્ષે ગયા છે. તો એમના માટે એ સિદ્ધ ક્ષેત્ર ભૂમિ પણ છે. અતિશય ક્ષેત્ર કે જ્યાં જ્યાં ચમત્કારો સર્જાયા છે,જેની પ્રતિમાની આરાધના કરીને દેવ દેવીઓ પણ ત્યાં પધારે છે અને તે શિલ્પકલા રૂપે ઉત્કૃષ્ટ છે જેમકે દેલવાડા ના આબુના જીનાલયો, રાણકપુરના જીનાલયો આ બધા જ અતિશય ક્ષેત્રોમાં આવે છે. અહીં મુખ્યત્વ દ્રવ્ય તીર્થો છે એને ત્રણ ભાગમાં વ્હેચ્યા છે.

આપણા પ્રાચીન આગમોમાં જોઈએ તો તીર્થોના ઘણા બધા ઉલ્લેખ મળે છે,નામો મળે છે અને લગભગ લગભગ કરી ને ત્રીસથી વધારે તીર્થોના નામ આપણને આગમોમાં મળે છે.આપણે અંગ આગમોમાં જાણીએ તો જ્ઞાતાધર્મકથા અંગઆગમમાં ઉજયંત ગિરી એટલે કે ગિરનાર ઉપર વર્ણન છે અને પુન્ડરીકાચલ તીર્થ એટલે કે શેત્રુંજય  તીર્થનો પણ ઉલ્લેખ મળે છે.સાથે સાથે અંતકૃતદશાંગ માં પણ આપણને ઉલ્લેખ મળે છે. આચારંગ નિરયુક્તિ સૂત્રમાં આપણાં બધા જ તીર્થંકર પરમાત્મા ભગવંતોનું  જન્મ,દીક્ષા અને કેવળ મોક્ષ ભૂમિ ના નામ મળે છે.અને સાથે સાથે અષ્ટાપદ તીર્થ અને ગિરનાર તીર્થ,તક્ષશિલા,ગજાગ્રહ,ધર્મચક્ર, અહીંચછત્ર આદિ તીર્થોનો ઉલ્લેખ મળે છે. આપણા આટલા આગમોમાં હજી સુધી તીર્થયાત્રાનું વર્ણન આપણને મળ્યું નથી પણ આ બધી પવિત્ર ભૂમીઓના નામ આપણને મળ્યા છે.જ્યાં જ્યાં કોઈ મહત્વપૂર્ણ ઘટનાઓ બની છે,જ્યાં જ્યાં પરમાત્માઓના કલ્યાણક આદિ થયા છે તેના નામ સાથે આપણને એનું વિવરણ પ્રાપ્ત થાય છે.સમવાયાંગ સૂત્ર માં પણ કલ્યાણક ભૂમિના ઉલ્લેખ મળે છે. પર્યુષણકલ્પમાં અષ્ટાપદ,ચમ્પા પુરી,પાવાપુરી તથા વિશેષાવશ્યક ભાષ્યમાં સમેતશિખર આદિ તીર્થંકરોની મોક્ષભૂમિઓ નો  ઉલ્લેખ મળે છે. જબું દ્વીપ પ્રજ્ઞપતિમાં અષ્ટાપદ તીર્થ,મગધ તીર્થ,શ્રી વરદા તીર્થ અને પ્રભાસ આદિ તીર્થોનો ઉલ્લેખ મળે છે.શ્રી નિશિથ ચૂરણી માં ધર્મચક્ર,દેવનિર્મિત સ્તૂપ,કોસાલની જીવંતસ્વામી પ્રતિમા અને કલ્યાણક ભૂમિની નોંધ મળે છે.

અહીં જીવંતસ્વામી ની પ્રતિમાનો એક રસપ્રદ concept અહીં મળે છે. વાસુદેવ હિંડી, આવશ્યક ચૂરણી, આદિ જેટલા પણ આપણા પ્રાચીન આગમો છે અને ત્રિશષ્ટિ શલાકા પુરુષમાં પણ ખાસ કરીને જીવંતસ્વામી ની પ્રતિમા અંગે કહેવામાં આવ્યું છે.આ જીવંતસ્વામી પ્રતિમા શુ છે? તો આ લોકો આ જીવેત સ્વામી અને જીવંતસ્વામી પ્રતિમાને એક કરી દે છે. જીવેત સ્વામી પ્રતિમા એ કહેવાય જ્યારે મહાવીર સ્વામી ભગવાન જ્યારે હયાત હતા,જ્યારે વિચારતા હતા ત્યારે એ સમયે જે જે પ્રતિમાઓનું નિર્માણ થયું હતું એને જીવત સ્વામી પ્રતિમા કહેવાય છે અને જ્યારે મહાવીર સ્વામી ભગવાન રાજયાવસ્થા માં હતા,હજુ તેમણે દીક્ષા લીધી નહોતી ત્યારે એમની ચંદન કાષ્ટ ની એક પ્રતિમા બની હતી જેનું વિવરણ વસુદેવ હિંડી માં મળે છે. એ પ્રતિમા ને જીવંતસ્વામી પ્રતિમા કહેવામાં આવે છે. આજે પણ આકોટા બ્રોન્ઝેઝની જે ખોદકામ થયું છે અને ત્યાંથી જે

પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે તેમાં જીવંતસ્વામીની ખૂબ અદભુત કલા કારીગીરી વાળી પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થઈ છે.

આગળ વધતા આગમોમાં તીર્થોના ઉલ્લેખ મળે છે. આ બધા તીર્થો કેવા છે જે દેવલોકોમાં બિરાજમાન છે અને ત્યાં દેવો મહોત્સવ કરે છે નંદીશ્વર દ્વીપમાં,યાત્રાએ જાય છે મહોત્સવ કરે છે તેમના ઉલ્લેખો મળે છે.જીવાભિગમ સૂત્ર,રાયપસેણી સૂત્ર,જબુંદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર આ બધામાં આપણને શાશ્વતી જિન પ્રતિમા પૂજન વિધિ અને દેવો ચૈત્ર માસી આસો માસી ઓળી માં નંદીશ્વર દ્વીપમાં જાય છે. ત્યાં અઠ્ઠાઈ  મહોત્સવ કરે છે તેના આપણને ઉલ્લેખ મળે છે. ભગવતી સૂત્રમાં પણ એવા ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે જ્યાં વિદ્યાધારી મુનિ ભગવંતો એ ભૂમિની સ્પર્શના કરે છે તે ભૂમિના પણ આગમો માં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.આપણે એક સાદા ફોર્મમાં જોઈએ તો બધા જ કલ્યાણક ભૂમિના નામ આપણને પ્રાપ્ત થાય છે.

અત્યારે આપણી પાસે કુલ 22 કલ્યાણક ભૂમિ માંથી 21 કલ્યાણક ભૂમિ આપણી પાસે છે.અષ્ટાપદ તીર્થ આપણને દૃષ્ટિગોચર નથી.ભાવપૂર્વક આપણે તેની આરાધના કરી શકીએ છીએ. 22 કલ્યાણક તીર્થભૂમિ માં કુલ 120 ભૂમિ માંથી 119 કલ્યાણકો થયા છે. ઘણી જગ્યાએ દિગંબર અને શ્વેતાંબર પરંપરા માં થોડા ભેદ છે. આજના ખાસ આ દિવસ માગશર વદ એકમ ગુજરાતી અને પોષ વદ એકમ મારવાડી તિથિમાં પૂર્વમાં એક અદભુત ઘટના બની હતી. કલ્યાણભૂમિની વાત કરતા કરતા આજે મુખ્ય 20 કલ્યાણક શિખરજી તીર્થમાં છે,અયોધ્યા તીર્થમાં 19 કલ્યાણક છે,હસ્તિનાપુર-16,મિથિલા-8 જે અમુક દિવસો વર્ષો પહેલા સુધી વિચ્છીદિત હતું પણ આજે તેની શોધ થઈ ચૂકી છે.ત્યાં જિનાલય નિર્માણ પણ થઈ ચૂક્યું છે. વારાણસી-8,મંદારગિરી-5 જે વાસુપુજ્ય સ્વામીની મોક્ષભૂમિ છે મંદારગિરી માં છે. શ્રાવસ્તી તીર્થ-4,કૌશામબી-4,ચન્દ્રપુરી-4,સિંહપુરી-4, કાંકદ પુરી-4, કંપિલય પુરી-4,રત્નપુરી-4, ભાદિલપુર-4,રાજગૃહી-4 ,ગિરનાર અને ક્ષત્રિય કુંડમાં-3 , ઋજુ વાલીકા-1,શૌરીપૂર-2,પાવાપુરીમાં-,પુરીમાંતાલ-1 અને અષ્ટાપદ-1 કલ્યાણક છે. આજના દિવસે કૌશામ્બી તીર્થમાં ચંદનબાલા ના હાથે પ્રભુ મહાવીરે પારણું કર્યું હતું.

પૂર્વના સમયમાં કલ્યાણક ભૂમિઓમાં જીનાલયોના નિર્માણ થતા નહોતા પણ સ્તૂપોના નિર્માણ થતાં હતાં. આ સ્તૂપોની અંદર તીર્થંકર પરમાત્માના અવશેષો રાખવામાં આવતા હતા. પહેલાના કાળથી સ્તૂપ પૂજા પ્રચલિત હતી.ચૈત્ય જીનાલયોની પ્રથા પાછળથી શરૂ થઈ.પણ આપણી જે મૂળભૂત સ્તૂપોની પરંપરા હતી કે આ જે વિશેષ જગ્યાઓ બની હતી.દા.ત. હસ્તિનાપુર માં ભગવાન આદિનાથનું જે સ્થળે પારણું થયું હતું તે સ્થળે પણ સ્તૂપ બનાવવામાં આવ્યું હતું.ત્યાં એ સ્તૂપનું આલંબન લઈ ને ભાવિકો પૂજા કરતા હતા.એટલે સ્તૂપોની પૂજા પણ ખૂબ પ્રચલિત હતી. આચારંગ સૂત્ર,સ્થાનાગ સૂત્ર,પ્રશ્ન વ્યાકરણ, આવશ્યક નિર્યુકિત, જીવાભિગમ સૂત્ર આ બધા આગમોમાં આપણને થુભ શબ્દ મળે છે.થુભ પ્રાકૃત શબ્દ છે જેને સંસ્કૃતમાં સ્તૂપ કહેવાય છે.લોકો માં એક સામાન્ય ભ્રાંતિ છે કે માત્ર ને માત્ર બૌદ્ધ સંપ્રદાયમાં  સ્તૂપ મળે પણ આપણી સંસ્કૃતિ ખુબ પ્રાચીન છે અને તેમાં સ્તૂપોના ખુબ વિવરણ આગમોમાં મળે છે. મથુરાનો કંકાલિતિલા સ્તૂપ  જેને શાસ્ત્રોમાં દેવ નિર્મિત સ્તૂપ પણ કહેવામાં આવ્યો છે. જૈન હેરિટેજ માં બહુ મોટો સ્તૂપ છે. સ્તૂપોનું વિવરણ સ્થાનંગ સૂત્ર,જબુંદ્રીપ વિજ્ઞપ્તિ,નંદીદ્વીપ માં મળે છે.. એમ કહેવામાં આવે છે કે જ્યાં અષ્ટાપદ ની ભૂમિ પર આદિનાથ પરમાત્મા ને મોક્ષ પ્રાપ્ત થયો હતો ત્યાં સ્તૂપનું નિર્માણ કરવામાં આવ્યું હતું ને 99 સ્તૂપોની રચના કરવામાં આવી હતી. નિશિથ ચૂરણી માં પણ મથુરાના દેવનિર્મિત સ્તૂપનું વિવરણ છે. આવશ્યક ચૂરણી માં ખાસ મુનિ સુવ્રતસ્વામી ભગવાનના સ્તૂપનું વિવરણ મળે છે જે વૈશાલી નગરમાં હતું. આ સ્તૂપનો કેવો પ્રભાવ હતો કે કોણિક રાજા વૈશાલી પર વારંવાર યુદ્ધ કરવા આવતો હતો અને તે સફળ થઈ શકતો ન હતો કેમકે આ સ્તૂપ ત્યાં હતો.જ્યારે તેમને ભ્રાન્તિ ફલી કે આ સ્તૂપના કારણે જ લોકોનું નુકસાન થાય છે. લોકોએ જ્યારે એ સ્તૂપને ધ્વસ્ત કર્યો ત્યારે રાજાને વૈશાલી પર વિજય મળ્યો. શાસ્ત્રકાર ભગવંતો દ્વારા એ હદ સુધી કહેવામાં આવ્યું છે કે એ સ્તૂપનો કેવો પ્રભાવ હશે કે એ ભૂમિમાં ક્યારેય પણ તકલીફ ન આવતી. આજના દિવસે પણ આપણે જો પાવપુરીમાં જઈએ તો નંદિવર્ધન રાજા દ્વારા જે અંતિમ દેશના ભૂમિનો સ્તૂપ છે એ આજે પણ વિદ્યમાન છે. તેના દર્શન થઈ શકે છે.

ધર્મોપદેશ માલા માં શ્રેયાંશકુમાર દ્વારા જે ભૂમિમાં પ્રભુ આદિનાથ ભગવાનનું પારણું કારાવવામાં આવ્યું હતું ત્યાં એક સ્તૂપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યાં આજે પણ એ સ્તૂપની પ્રતિકૃતિ રૂપે

રચના કરવામાં આવી છે. એમાં પરમાત્માના ચરણ પાદુકા બિરાજમાન છે. તક્ષશિલા ઉદ્યાનમાં બાહુબલી રાજાએ ધર્મચક્ર સાથે સ્તૂપનું નિર્માણ કરાવ્યું હતું. એજ ભૂમિ માં સમ્રાટ સંપ્રતિ એ આગળ જઈને તેમના પિતા માટે એક ચૈત્યનું નિર્માણ કરવામાં આવ્યું હતું જેને આજે પણ કૃણાલ સ્તૂપના નામે અફઘાનિસ્તાનમાં ઓળખવામાં આવે છે. તે ભૂમિ આજે લગભગ ધ્વસ્ત થઈ ચૂકી છે પણ એના અવશેષો આજે પણ પ્રાપ્ત થાય છે. જે ભૂમિ પર  કમઠ દ્વારા પાર્શ્વનાથ ભગવાન પર ઉપસર્ગ કરવામાં આવ્યા હતા એ અહિછત્રની ભૂમિ માં પણ સ્તૂપ વિદ્યમાન છે અને દિગમ્બર પરંપરા માં તો તેનું ખુબજ મહત્વ છે. તેમાં ભગવાનના કેવળજ્ઞાન સ્થળ ને પણ અહિછત્ર મનાય છે. આ પરંપરા માં તો એમ પણ કહેવાય છે કે ચોવીસે ચોવીસ તીર્થંકર ભગવાનો એ અહીં વિચરણ કર્યું છે. પટના મ્યુઝિયમ માં એક સ્તૂપની રચના કરવામાં આવી છે જેમાં બુદ્ધના અવશેષો છે.તો સ્તૂપના નાભિની અંદર અવશેષો રાખવામાં આવતા હતા. આપણે પણ આ જ પરંપરા ના અનુરૂપ ચાલતા હતા. એટલે એમ કહેવાય છે કે જ્યારે બુદ્ધ નું નિર્વાણ થયું હતું ત્યારે એમના અવશેષોના આઠ ભાગ પાડવામાં આવ્યા હતા.રાજા અશોકે તે ભાગોને ભેગા કરીને એને ચોર્યાસી હજાર ભાગમાં વહેંચ્યા હતા અને ચોર્યાસી હજાર સ્તૂપો બનાવ્યા હતા. એમાં બુદ્ધ ના અવશેષો રાખ્યા હતા. જેનું અનુકરણ રૂપે પટના મ્યુઝિયમ માં  એક ઝાંખી રૂપે આપણને દેખાડવામાં આવ્યું છે કે સ્તૂપની અંદર કેવી રીતે અવશેષો રાખવામાં આવતા હતા. જે ભૂમિની અંદરમાં તીર્થંકર પરમાત્મા અથવા કોઈ મહાપુરુષ ના અવશેષો રાખવામાં આવે તો તે ભૂમિ આપોઆપ પવિત્ર થઈ જાય એ દ્રષ્ટિએ સ્તૂપોનું નિર્માણ કરવામાં આવતું હતું. તેની પૂજા પણ થતી હતી.

વર્તમાનમાં અહીંચ્છત્ર નો સ્તૂપ છે. અહી+ ક્ષેત્ર એટલે નાગ પરંપરા.  ક્ષેત્ર એટલે છત્ર.એક માન્યતા એવી છે કે નાગ એટલે કે ધરણેન્દ્ર દેવે જ્યારે ભગવાન પર છત્ર ધારણ કર્યું તે અહિ છત્ર ના નામે પ્રસિદ્ધ થયું. આ ભૂમિ આજે ઉત્તર પ્રદેશ માં બરેલી જિલ્લા રામ નગર નામનું એક ગામડું છે ત્યાં આ સ્તૂપ આજે પણ વિદ્યમાન છે. આદિનાથ ભગવાન નું  વરસી તપનું જ્યાં પારણું થયું હતું એ હસ્તિનાપુર સ્તૂપ માં એમની ચરણ પાદુકા સ્થાપવામાં આવી છે.સ્તૂપનું એક પ્રતિક રૂપ બનાવવામાં આવ્યું છે. કુણાલ સ્તૂપના થોડાક અવશેષો મળે છે. વૈશાલી સ્તૂપના અવશેષો આજે

પણ મળે છે. મહાવીર સ્વામી ની અંતિમ દેશના થઈ એ પાવાપુરી સ્તૂપ વિદ્યમાન છે. શ્રાવસ્તી માં સહેઠ મહેઠ નામના જે અવશેષો પ્રાપ્ત થાય છે સંભવનાથ ભગવાનના જન્મ કલ્યાણકનું સ્થળ છે ત્યાં આજે પણ આ સ્તૂપ વિદ્યમાન છે. પ્રાચીન સમયમાં સ્તૂપ બનાવવાની ઘણી મોટી પરંપરા હતી. એ પ્રથાને અનુરૂપ ઘણા વર્ષો સુધી પૂજા પણ ચલતી હતી. પાછળથી જ્યારે પ્રતિમાઓનું,ચૈત્યો નિર્માણ થયું ત્યારે સ્તૂપનું મહત્વ ધીરે ધીરે થોડું ઓછું થવા મંડયું. આજ નહીંવત સ્તૂપોનું નિર્માણ થાય છે. આજે જે સ્તૂપો આપણી પાસે બચ્ચા છે એની પણ ઘોર ઉપેક્ષા થઈ રહી છે. એ વિશે આજે આપણે વિચાર કરવાની જરૂર છે. આ પ્રાચીન પરંપરા ને આપણે કઈ રીતે પાછી લાવી શકીએ.એ વિચારની આજે આવશ્યક્તા છે.

જ્યાં જ્યાં આ સ્તૂપો હતા. આજે પણ આપણે સંમેત શિખર જઈએ તો ટૂંકો મળે છે,ચરણ પાદુકાઓ મળે પણ આપણી પાસે શાસ્ત્રીય ઉલ્લેખ છે કે સંમેતશિખર માં જ્યાં જ્યાં તીર્થંકર પરમાત્મા મોક્ષે ગયા હતા ત્યાં ત્યાં સ્તૂપનું નિર્માણ કરવામાં આવ્યું હતું અને એ સ્તૂપો 17મી સદી સુધી હયાત હતા. આપણી પાસે એના પર ઉલ્લેખો છે કે એ સ્તૂપો 17 સદી સુધી  હતા.જ્યાં જ્યાં સંઘપતિઓ જતા,પુષ્પો અને ચંદનલેપ દ્વારા પૂજા કરતા.તો સ્તૂપ પૂજા કેટલી પ્રચલિત હતી એ જોઈ શકાય પણ હવે એ સ્તૂપો રહ્યા નથી.તો જ્યાં જ્યાં સ્તૂપો બિરાજમાન હતા ત્યાં ત્યાં લોકો તીર્થયાત્રા કરતા હતા.તો આપણા ધર્મમાં આપણા ઉપાસકો છે એમણે તીર્થયાત્રા ને એક પ્રધાન સતકાર્ય બતાવ્યું છે. આપણે આલંબન રૂપે તીર્થયાત્રા કરવાનું કહેવામાં આવ્યું છે પણ પ્રાચીન જે અંગ આગમો છે ત્યાં ક્યાંય તીર્થયાત્રા ના ઉલ્લેખ કે યાત્રા કરવી જોઈએ એના વિવરણ મળતા નથી પણ પાછળ ના જેટલા પણ ચૂરણીઓ ગ્રંથો રચવામાં આવ્યા છે તેમાં ખાસ કરીને આપણા માં કહેવામાં આવ્યું છે કે તીર્થયાત્રા ખાસ કરવી જોઈએ. કેમકે જે જે સ્થાનો પર તીર્થંકર ભંગવાનો ના કલ્યાણકો થયા છે,જ્યાં જ્યાં મહાપુરુષો એ સાધના કરી છે તે ભૂમિની ઉર્જા ગ્રહણ કરવાનું એક બહુજ મહત્વનું સાધન તીર્થયાત્રા દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રભાવશીલ અને પવિત્ર વાતાવરણ જ્યાં આપણને પ્રાપ્ત થાય એ આપણે તીર્થયાત્રા દ્વારા આપણે માણીએ છીએ.

તો તીર્થયાત્રા નો પ્રથમ હેતુ જેને કહી શકાય કે આપણા અંદરમાં જે આલંબન મળવું જોઈએ એ આલંબન રૂપનું એક ખુબજ મોટું એક સ્થળ તીર્થ સ્થાન કહી શકાય.આલંબન રૂપ આપણને જે તારી શકે છે. તારે તે તીર્થ એટલે કે તીર્થભૂમિ માં તારવાનું એક મોટું સાધન છે. આ આલંબન વડે ભવથી પાર ઉતરી શકીએ એ માટે આપણે તીર્થયાત્રા કરવાની છે.

નિશિથ ચૂરણી માં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે તીર્થંકરોની કલ્યાણક ભૂમિ ની યાત્રા કરવાથી દર્શનની વિશુદ્ધિ થાય છે અને વ્યક્તિની શ્રદ્ધા પુષ્ટ થાય છે. આ પ્રથમ એવું આગમ છે જેમાં એક સ્પષ્ટ ઉલ્લેખ મળે છે કે તીર્થયાત્રા જૈનો એ અવશ્ય કરવી જોઈએ.મહાપુરુષ ના ચરણોથી વિભૂષિત પવિત્ર ભૂમિના દર્શન અને સ્પર્શન કરવાથી મુમુક્ષુ મહાનુભાવો ના હૃદયમાં ભકતા અને પૂજ્ય વૃત્તિ પ્રકટ થવા સાથે હૃદયની મલિન વાસનાઓનું ક્ષય થાય છે.એની માટે તીર્થયાત્રા કરવાની છે. તીર્થયાત્રા નું મુખ્ય ફળ એજ છે કે એ સ્થાનના પવિત્ર અણુઓ આપણા આત્માને પવિત્રતા તરફ જે વાળે છે અને આપણી અપાત્રતા ને દૂર કરે છે એની માટે તીર્થયાત્રા કરવાની હોય છે. અહીં એક રસપ્રદ વાત નિશિથ ચૂરણીમાં કહેવામાં આવી છે કે અત્યાર સુધી કરેલ બધીજ વાત કે કેમ આપણે તીર્થયાત્રા કરવી જોઈએ એ આધ્યાત્મિક લેવલ ઉપર હતી પણ એક વ્યવહારિક દ્રષ્ટિથી પણ તીર્થયાત્રા કેમ કરવી જોઈએ એનો ઉલ્લેખ નિશિથ ચૂરણી માં આપ્યો છે.

સહુથી પહેલા તો જે એકજ ગામમાં રહેતો હોય છે વ્યક્તિ,વિચરણ કરતો નથી એ એક કૂંપમંડુક બનીને રહી જાય છે. એના વિપરીત વ્યક્તિ અનેક અનેક પ્રકારના ગામ,નગર,સંનિવેશ એટલે કે જ્યાં ઘોડાગાડી અટકે તે સ્થળ,જનપદ, રાજધાની આદિ માં જે વિચરણ કરે છે અને એના વ્યવહારિક દ્રષ્ટિએ આપણા ચાર ચાર ફળ મળે છે.સહુથી પહેલા વ્યક્તિ વ્યવહાર કુશળ બને છે પછી ત્યાંની નેચરલ બ્યુટી જે છે તેને માણી ને ચક્ષુ સુખની પ્રાપ્તિ કરે છે.એને દર્શન વિશુદ્ધિની પણ પ્રાપ્તિ થાય છે. અલગ અલગ વંશના,જ્ઞાતિના,કુળ ના સાધુજનોનો સમાગમ થાય છે. પ્રાચીન સમયમાં પણ આપણે જોઈએ તો 84 ગચ્છો ના નામ હતા.તો એમના નામ કેમ પડ્યા હતા કે અલગ અલગ જગ્યાઓમાં એમનું પ્રભુત્વ હતું.એ તે સ્થળના નામ ઉપરથી ગચ્છોના

નામ,તેના કુળ, ગણ, શાખા આદિના નામ પડતા હતા તો બધાના સમાચારી ના નામ માં થોડા થોડા ભેદ હતા. એ બધી સમાચારીને સમજવા માટે પણ તીર્થયાત્રા કરવા અનિવાર્ય બતાવ્યું હતું. અલગ અલગ સાધુ પરંપરા માં કેવી સમાચારી છે એને જાણવાનો પણ આના દ્વારા લાભ મળે છે. અલગ અલગ સાધુઓના સમાગમ પ્રાપ્ત થાય છે. વ્યવહારિક દ્રષ્ટિએ પણ તીર્થયાત્રા કરવી જોઈએ કેમકે વ્યક્તિ વ્યવહાર કુશળ બને,એને ચક્ષુ સુખની પ્રાપ્તિ થાય છે,એને દર્શન વિશુદ્ધિ થાય છે અને સાધુઓનું સમાગમ થાય છે વિવિધ સમાચારી નું જ્ઞાન મળે છે.આ પણ તીર્થયાત્રા નો એક ખુબજ મહત્વનો હેતુ હતો.આધ્યાત્મિક નહિ પણ વ્યવહારિક દ્રષ્ટિએ પણ તીર્થયાત્રા મહત્વની હતી.

તીર્થયાત્રા સંબંધિત હજી આપણને ઉલ્લેખ મળે તો આચાર્ય હરિભદ્ર સુરીશ્વરજી મહારાજા પંચાશક પ્રકરણમાં જિનયાત્રા ના વિવિધ લાભ કહેવામાં આવ્યા છે. જ્યારે કોઈ શ્રાવક શ્રાવિકા તીર્થયાત્રા કરે છે ત્યારે તેને જિન ધર્મની પ્રભાવના પણ સાથે સાથે કરવાની તેને યથાશક્તિ દાન, તપ,શરીર સંસ્કાર, ઉચિત ગીત વાદન, સ્તુતિ આદિ કરવી જોઈએ તેના ઉલ્લેખ આપણને મળે છે.

સારાવલી પ્રકરણ સૂત્રમાં આપણને શત્રુંજય તીર્થની કથા કહેવામાં આવી છે. તેનું મહત્વ એની યાત્રાનું શું ફળ આપણને મળે છે,ત્યાં તપસ્યા કરવાથી શુ ફળ મળે છે? ત્યાં પૂજા કરવાથી શું ફળ મળે છે? દાન આદિ કરવામાં શું ફળ મળે છે? એનું એક વિશેષ વિવરણ છે.એટલે આ ગ્રંથોને આપણે જાણીએ તો આપણને ખબર પડે કે તીર્થયાત્રાનું મહત્વ આપણી અંદર વધવા માંડ્યું કે સાથે સાથે તેનું ફળ કે આ તીર્થયાત્રા કરવાથી આ ફળ પણ આપણને મળે છે. તેથી લોકોને તીર્થયાત્રા પ્રતિ રુચિ વધે છે.

વર્તમાનમાં આપણે પૂજ્ય શ્રી જિનવિજય જી ની  સકલતીર્થ વંદનાનું સ્તોત્ર આપણે બોલીએ છીએ.એનાથી પ્રાચીન હજી એક આચાર્ય સિદ્ધસેન સૂરિ દ્વારા સકલતીર્થ વંદનાનું એક એક સ્તોત્ર રચવામાં આવ્યું હતું .એમાં 50થી વધારે તીર્થોના નામ પ્રાપ્ત થાય છે. આ લગભગ 11મી સદીની રચના છે. 11મી સદી સુધીમાં આ 54 તીર્થો લગભગ ખુબજ પ્રચલનમાં હશે.એથી સકલતીર્થ સૂત્રની અંદર આ બધા જ તીર્થોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં મુખત્વે સમેત શિખરજી,

શત્રુંજય જી, ગિરનાર જી આ બધા ના નામ આપણને પ્રાપ્ત થાય છે.અમુક અમુક એવા તીર્થો છે જે આજે ઉપેક્ષિત છે,ભલે ત્યાં અવશેષો પ્રાપ્ત થાય છે પણ પૂર્વ કાલે ઉપેક્ષિત નહોતા અને ઘણા લોકો યાત્રા કરવા જતાં હતાં તેના ઉલ્લેખ આપણને અહીંથી પ્રાપ્ત થાય છે.

સહુથી પ્રચલિત જેને આપણે કહી શકાય અને સહુથી વિસ્તારમાં એને કહી શકાય કે આચાર્ય જિનપ્રભ સુરીશ્વરજી મહારાજ દ્વારા રચિત વિવિધ કલ્પ છે,જેની અંદર 50થી વધુ તીર્થોના કલ્પો બતાવવામાં આવ્યા છે. બહુજ ઇન્ટરેસ્ટિંગ વાત છે કે આ આચાર્ય ભગવંત કોઈ સામાન્ય નહોતા પણ એ સમયે સુલતાન મહમ્મદ તુઘલખ બિન નું રાજ હતું.તેઓને પ્રતિબોધ કરવા તે ગયા હતા અને ફારસી ભાષામાં તેમણે ત્રણ જૈન સ્તુતિઓની રચના કરી હતી એટલે કે જેને આપણે પર્શિયન લેંગ્વેજ કહીએ તેમાં એમને જિન સ્તુતિની રચના કરી હતી. એમણે સુલતાનને ખુબજ પ્રભાવિત કર્યા હતા. એ એવા પ્રભાવિત થયા હતા કે એના પછી એમના ટ્રેઝર ની અંદર ખુબજ પ્રાચીન બહુ મૂલ્ય પ્રતિમા એમણે ચોરીને લાવી હતી એ એમણે આચાર્ય ભગવંત પાછી સુપરત કરે છે.તૂઘલખાબાદમાં ઉપાશ્રય માટે એક ભૂમિ તે ફાળવી આપે છે. એમના નામે ફરમાન લખી આપે છે કે તીર્થયાત્રા માં કોઈ જૈનોને કર વસૂલી ના દેવો પડે. ખુબજ પ્રભવક આચાર્ય હતા એ સમયના. તેમને તેમના જીવનકાળ દરમિયાન ઘણા બધા તીર્થોની યાત્રા કરી હતી.જેનો સમાવેશ તેમણે વિવિધ તીર્થકલ્પમાં કર્યો હતો.આજે પણ આપણે એ વાંચીએ તો પ્રમાણિત થાય છે કે અધિકાંશ લગભગ બધાજ તીર્થોની યાત્રા એમણે સ્વયં કરી હતી અને આંખો દેખા અહેવાલ જે હતા એ એમણે લખ્યા હતા. ત્યાં બનેલી ઘટનાઓ અને તે સમયની કેવી પરિસ્થિતિ હતી એનું સુંદર વિવરણ કરવામાં આવ્યું છે. એમણે ખુબજ સરસ રીતે લખ્યુ હતું કે મથુરાના દેવનિર્મિત સ્તૂપ છે ત્યાં પ્રત્યેક અગિયારસે કયા કયા દ્રવ્યો દ્વારા સ્તૂપનો અભિષેક થાય છે,પૂજા થાય છે તેનું પણ એક વિવરણ મળે છે.એ સમયે કઈ કઈ પ્રથાઓ પ્રચલિત હતી તેનું પણ વિવરણ આપણને પ્રાપ્ત થાય છે. શત્રુજય જઈએ ત્યારે તેમની પ્રતિમાના દર્શન અવશ્ય કરવા જોઈએ. 50થી વધુ તીર્થોના ઇતિહાસ અને અનેક સ્તુતિઓ આપણને વિવિધ કલ્પસૂત્રમાં મળે છે.મહાપુરુષોના વિવરણ પણતેમાં મળે છે. આજે પણ એ એટલા જ પ્રમાણભૂત છે.શ્વેતાંબર પરંપરા માં આથી વિસ્તૃત કોઈ

પ્રાચીન કલ્પ નથી કે આટલા  બધા તીર્થોનો સમાવેશ કરવામાં આવ્યો હોયને ઇતિહાસ ની વિસ્તૃત જાણ થઈ હોય

.

દિગંબર પરંપરા માં પણ તીર્થને લઈને ઘણું સાહિત્ય પ્રાપ્ત થાય છે. લગભગ છઠ્ઠી સદીમાં મુનિ યતિ વૃષભ દ્વારા રચિત તિલોય પન્નતિ ગ્રંથમાં મુખ્યરૂપથી તીર્થંકરોની કલ્યાણક ભૂમિના ઉલ્લેખો મળે છે. આચાર્ય સામંતભદ્ર દ્વારા રચિત સ્વયંભૂ સ્તોત્રમાં ઉજયંતગિરી ગિરનારનું વર્ણન મળે છે. આચાર્ય કુંદ કુંદ ના નામે નિર્વાણ કાંડ પ્રાકૃતમાં છે તથા આચાર્ય પુજ્યપાદ રચિત નિર્વાણભક્તિ ગ્રંથ મળે છે જેમાં અનેક તીર્થોનો ઉલ્લેખ મળે છે. એમાં ઘણા એવા તીર્થોના નામ છે જે 8મી 10મી સદી પછી બન્યા છે. એમના નામો આ ગ્રંથમાં છે એટલે એક સંભવ એક વિચાર આવે જે આ આચાર્ય કુંદ કુંદ ની રચના નહીં હોય કેમ કે તેઓ લગભગ 2જી 3જી સદીમાં થઈ ગયા હતા.આ એમના નામે પ્રચલિત છે પણ એના રચનાકાર બીજા જ કોઈ હશે.આચાર્ય પુજ્યપાદ રચિત નિર્વાણભક્તિ માં પણ અનેક તીર્થોના ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. દિગમ્બરોની રામાયણ જેને કહી શકાય એવા આચાર્ય રવિશેણ દ્વારા રચિત પદ્મપુરાણમાં અનેક તીર્થોનો ઉલ્લેખ મળે છે.

દિગમ્બર ગ્રંથોમાં આપણને સહુથી પહેલા જાણવા મળે મળે છે કે અષ્ટાપદ ને કૈલાશનું નામ આપવામાં આવ્યું છે. એટલે સંભવતઃ કૈલાશ એ હશે જ્યાં આદિનાથ ભગવાન ને નિર્વાણની પ્રાપ્તિ થઈ હશે. પદ્મપુરાણ માં પણ પહેલા કૈલાશ પર્વતનું નામ આપવામાં આવ્યું છે. નિર્વાણ ભક્તિ માં પણ કૈલાશ પર્વતનું નામ આપવામાં આવ્યું છે. નિર્વાણ કાંડમાં અષ્ટાપદ નામ આપવામાં આવ્યું છે તો એ હોઈ શકે કે અષ્ટાપદ નું જ બીજું નામ કૈલાશ હોઈ શકે. તો ઘણા બધા તીર્થ આજે પણ અહીં વિદ્યમાન છે.ઘણાબધા તીર્થ આજે વિદ્યમાન નથી પણ પ્રાચીન દિગમ્બર પરંપરા માં પણ ઘણા બધા તીર્થોના નામ પ્રાપ્ત થાય છે.

આજના સમયમાં તીર્થયાત્રા કરવી જેટલી સુલભ છે એટલી પ્રાચીન સમયમાં નહોતી. પૂર્વકાળમાં રસ્તાઓ નહોતા.ચોર ડાકુઓનો ભય હતો.લોકો એકલા જતા ડરતા હતા.પહેલાના સમયમાં તીર્થયાત્રા ખુબજ કપરી હતી અઘરી હતી.એટલે તીર્થયાત્રા બહુજ ઓછા પ્રમાણમાં થતી હતી.16મી સદી સુધી ઉલ્લેખ મળે છે કે શત્રુંજય માં પણ જે ટૂંકો હતી એ ખુબજ મર્યાદિત સંખ્યા

માં હતી. ખુબજ મર્યાદિત જીનાલયો હતા કેમકે યાત્રાળુઓ પણ બહુજ ઓછા હતા.એટલે તે સમયે યાત્રા કરવી બહુ અઘરી હતી.પણ જ્યારે જ્યારે મુખ્ય સંઘપતિઓ ની ઈચ્છા જાગૃત થતી અને પૂજ્ય ગુરુ ભગવાનતોની પ્રેરણાથી તેઓ સંઘયાત્રા કાઢતા અને ઘણા ઘણા લોકો એમાં જોડાતા હતા અને એ સંઘપતિઓ લાખો રૂપિયા વાપરીને ખૂબ સત્કાર્યો કરીને હજારો લોકોને સંઘમાં જોડતા અને એમાં ઘણા બધા લોકોને અલગ અલગ જાતિના લોકોને તેઓ જોડતા હતા અને બધા સાથે મળીને તીર્થયાત્રા કરતા હતા એટલે આજે આપણે ઘણા લોકોને ટાઈટલ સંઘવી રૂપે જોઈએ છીએ ત્યારે એક માન્યતા એવી પણ છે કે એમના પૂર્વજોએ જે તે સમયે સંઘ કાઢ્યો હશે તેને સંઘવીઓના નામે ઓળખવામાં આવતા હતા એટલે એટલે આજના દિવસે પણ આપણે જોઈએ તો સંઘ કાઢવો બહુ સહેલો થઈ ગયો છે પણ પહેલાના સમયમાં સંઘ કાઢવો કેટલો કઠિન હતો એક વ્યવસ્થા કરવી પડતી હતી જ્યારે ધર્મશાળા આદીની સગવડ પણ નહોતી અને કેવી રીતે સંઘ યાત્રા નીકળતી હતી એના પણ આપણને ઘણા બધા વિવરણ મળે છે

સૌથી પહેલું વિવરણ આપણને મળે છે ભરત ચક્રવતી મહારાજા નું એમણે સંઘયાત્રા કાઢી હતી અને સાથે સાથે અલગ અલગ નામો આપણને પ્રાપ્ત થાય છ સંપ્રતિ મહારાજા આદિ ગણાય ગણાય ગણાય સંઘ કાઢ્યા છે શત્રુંજય મહાદેવ અને સ્ત્રી સલાખા પુરૂષ ગ્રંથમાં કુમારપાળ પ્રબંધ ગ્રંથ એવા ઘણા બધા ગ્રંથો આપણને પ્રાપ્ત થાય છે જેમાં પ્રાચીનકાળમાં મહાપુરુષોએ કેવા સંઘ કાઢ્યા હતા એના વિસ્તૃત વિવરણ આપણને પ્રાપ્ત થાય છે.

દાખલા તરીકે વસ્તુપાલ તેજપાલ મંત્રીએ સંઘ કાઢ્યો હતો એનો ઉલ્લેખ ઉપદેશ તરંગીણી ગ્રંથમાં છે એમાં આપણે અમુક ફિગર્સ લઈએ તો પણ મગજ કામ કરતું હલી જાય છે કે કેટલા પ્રભાવક હશે તે સમયના લોકો કે તેઓ કેટલી સરસ રીતે સંઘયાત્રા કાઢતા હશે એ એ સંઘ યાત્રામાં 24 હાથી દાંતના દીવાલે 120 કાસ્ટ ના દેવાલે 4500 ઘોડાગાડી 1800 ડોળી 500 પાલખી 7000 આચાર્ય 2000 શ્વેતાંબર સાધુઓ 1100 દિગંબર સાધુઓ એ સમયમાં એવું વહી મનુષ્ય નહોતું કે બધા સાથે મળીને યાત્રા કરતા હતા દિગંબર અને શ્વેતાંબર એવો ભેટ પણ નહોતો તેનો આપણને એક સરસ ઉલ્લેખ મળે છે આ લગભગ 13 મી સદીની વાત છે લગભગ ઈ.સ.1200 ની આસપાસ

આ સમયમાં નીકળ્યો હશે અને આ સંઘ ની અંદર કેવા જાહોજલાલીની સાથે આ વસ્તુપાલ તેજપાલ મંત્રીએ સંઘ કાઢ્યો હશે તો હજી આની આગળ એક વાત કરીએ તો સંઘ યાત્રા શત્રુંજય પહોંચી હતી તો ત્યારે એમને પહોંચતા જરાક મોડું થઈ ગયું અને એમણે ગીરી આરોહણ શરૂ કર્યું. તો જે માળીઓ હતા જેવો પુષ્પ લઈને ઉપર ગયા હતા તેઓ ઘણીવાર સુધી રાહ જોઈ કે આ સંઘ હજી સુધી આવ્યો કેમ નહીં અને રાહ જોતા જોતા તેઓ પાછા નીચે ઉતરવા લાગ્યા નિરાશ થઈને કે હવે આટલા ફૂલો મેં ભેગા કર્યા છે સંઘ માટે કે હવે તેનો ઉપયોગ નહીં થઈ શકે આ બધા જ પુષ્પો હવે નકામા થઈ જશે દુઃખી મન સાથે ખૂબ જ નુકસાન થઈ જશે એવા મનથી તે માળીઓ નીચે ઉતરતા હતા અને વસ્તુપાલ અને તેજપાલ આ દ્રશ્યને જુએ છે અને કહે છે કે માળીઓ તમે ઉદાસ નહીં થાવ જેમ ઉપર  દાદા પૂજનીય છે એમ સમસ્તગીરી રાજ પૂજનીય છે અને જેટલા પણ ફૂલો હતા એના દ્વારા ગીરીરાજ ને વધામણા કરે છે એ સંઘની કેવી ઉદારતા હશે એ સમયમાં એ અહીં જાણવા મળે છે આપણે તીર્થયાત્રામાં જઈએ ત્યારે આપણે એક એક ફૂલની ટોકરી માટે પણ ભાવતાલ કરતા હોઈએ છીએ અને આપણે વિચાર કરીએ કે જે દ્રવ્ય પરમાત્માને ચરણોમાં અર્પણ થવાનું છે તેનું મૂલ્યાંકન કરી દઈએ છીએ કે આ પુષ્પની શું કિંમત હશે અને એ સમયના લોકોના ભાવ કેવા ઉત્કૃષ્ટ હશે તે તેના દ્વારા આપણને ખબર પડે છે કે કોઈ પણ મોલ ભાવ વગર આ દ્રવ્ય પરમાત્માને ચડવાનું છે તેનું કોઈ મૂલ્ય ના હોઈ શકે મૂલ્ય હું ના લગાડી શકું અને તું જે મૂલ્ય આપે એને વધારે ખુશ ખુશ કરી દે આ દ્રવ્ય હું પરમાત્માને ચડાવું એવા ભાવ સાથે એમ કેવા ઉત્કૃષ્ટ ભાવ હતા એ સમયના લોકોના એ અહીં જોવા મળે છે.

ઘણી બધી સંઘ યાત્રાઓ નીકળી છે એનું જો વિવરણ કરીએ તો ઘણો સમય લાગી જાય છે પણ અહીં આ એક ખૂબ જ ખાસ વિવરણ બને છે કુંવરપાલ સોનપાલ લોડાનો સંઘ. જે તેઓએ આગ્રાથી કાઢ્યો હતો. કુમારપાળ સોનપાલ ઓસવાલ હતા તેઓ કોઠી પાલ હતા જહાંગીરના રાજ્યમાં અને તેમની રાજ દરબારમાં ખૂબ જ અવરજવર હતી. જહાંગીર એમને પર્સનલી ઓળખતા પણ હતા. એ સમયે એમણે પહેલા પણ શત્રુંજય ની સંઘયાત્રા કાઢી હતી. અનેક અનેક જિનાલયના નિર્માણ કરાવ્યા હતા. અનેક અનેક જીનબીંબો ની પ્રતિષ્ઠા કરી હતી. આ સંઘયાત્રા ઈ.સ 1613 માં થઈ હતી આની ખાસિયત એ હતી કે આજના દીને યુપી બિહારમાં જે કલ્યાણ ભૂમિઓ છે એની

સંખ્યા અગ્રવત હતી. આ સંઘયાત્રા માટે તેઓએ એક વર્ષ પૂર્વેથી તૈયારીઓ શરૂ કરી દીધી હતી.આજના પાકિસ્તાનમાં મુલતાન લાહોર આદિક ક્ષેત્રોમાં ગુજરાત રાજસ્થાન ઉત્તર પ્રદેશ મધ્યપ્રદેશ ના 70 ગામોમાં આમંત્રણ પાઠવ્યા હતા. ચાહે તે શ્વેતાંબર સંઘ હોય કે દિગંબર સંઘ હોય એમણે આમંત્રણ પાઠવ્યા. આવો પધારો અમારા સંઘમાં આવી સંઘ યાત્રામાં જોડાવો એવા ગામો ગામ બધાને આમંત્રણ પાઠવ્યા અને એમાં 55 તીર્થ ભૂમિની સ્પર્શના કરી. આ યાત્રામાં 75 શ્વેતાંબર સાધુ સાધવીઓ સાધુઓ 46 દિગંબર સાધુ અને સૌથી મહત્વની વાત એમાં એ જાણવા મળે છે કે આમાં માત્ર જૈન નહોતા પણ અન્ય જાતિના પણ 300 બ્રાહ્મણ યોગી સન્યાસી સૂફી દરવેશ એમનો પણ સમાવેશ એમાં હતો. પરમાત્માની ભક્તિ માટે ભોજક ચારણ ગાંધર્વ આદિ 500 સુભટો રક્ષા કરવા માટે હતા એનું ખૂબ જ સુંદર વર્ણન આપણને મળે છે.કયા કયા દિવસે તેઓ ક્યાં ક્યાં પહોંચ્યા. ભક્તિ કરી હતી, કયું જિનાલય હતું દિગંબરોનું કે શ્વેતાંબરોનું ખૂબ જ ડિટેલમાં અચલગચ્છના જસકીર્તિશ્રીજી એ આની સંમિત શિખર નામે એક રાસની રચના કરી હતી જેમાં આનો આખો વિવરણ કરવામાં આવ્યું છે સાથે સાથે કેવું વિવરણ કે જ્યાં ખૂબ અઢળક દાન કરવામાં આવતું હતું. એમાં જ્યારે તેઓ વારાણસી પહોંચ્યા હતા ત્યારે વારાણસી માં ખાલી ખબર પડે છે કે કુંવરપાલ અને અને સોનપાલ લોઢા પધાર્યા છે ત્યારે એ ગામમાં જેટલા પણ બ્રાહ્મણ હતા એમને બે દિવસ ખવડાવ્યું હતું એટલું બધું દાન આપ્યું હતું. એમની પાસે 21 ગાડીઓ તો ખાલી દાન કરવા માટે હતી અને ગામે ગામ જ્યાં પણ જૈનો ના ઘર આવતા હતા ત્યાં એક થાળ એક શ્રીફળ અને એક શેર ખાંડ ની પ્રભાવના તેઓ કરતા હતા.

એક સરસ અદભુત સંઘયાત્રા તેઓએ કાઢી હતી. આજના દિવસે પણ પટના ગામ ની અંદર શ્રી કુંવર પાલ સોનપાલ લોઢા દ્વારા શ્રી વિશાલનાથ સ્વામી ભગવાન ,જે અત્યારે મહા વિદેહ ક્ષેત્રમાં વિચરે છે એમની પ્રતિમાની પ્રતિષ્ઠા એમણે કરાવી હતી. એ પ્રતિમા આજે પણ હયાત છે અને ખાસ એ પ્રતિમા ની ખાસ વિશેષતા એ છે કે એના મસ્તક ઉપર શિલાલેખ કંડારવામાં આવ્યો છે જેમાં સ્થાનિક સુલતાન અથવા જહાંગીર નું નામ અંકિત કરવામાં આવ્યું છે એમાં એ વિચાર હતો કે આગળ જતાં કોઈપણ મોગલ રાજા એને નષ્ટ ના કરે એટલે પરમાત્મા ના પભાસણ ઉપર ઉપર રાજાઓને ઇન્સર્ટિંગ ફીલ થતું હતું એટલે પરમાત્માના મસ્તક ઉપર નામ લખવામાં આવતા

હતા. જહાંગીરના સમયમાં આ પરમાત્માની પ્રતિષ્ઠા થઈ છે આ ભૂમિ ઉપર એવા શિલાલેખો સાથે આજના દિવસે પણ એમની પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થાય છે.

તો આ પણ આ એક બહુ જ રસપ્રદ સંઘયાત્રા હતી અત્યારે હાલ એક ખૂબ જ રસપ્રદ યાત્રા હતી લગભગ 1955 વાત છે હિંમતનગરના શેઠ ફતે ચંદ મોતીચંદ વખારીયા નામના એક ભાગ્યશાળી શેઠે કેસરિયાજીનો સંઘ કાઢ્યો હતો હિંમતનગર થી કેસરિયાજીનું જ્યારે એ સંઘ પાછો ફરતો હતો ઈડરિયા થી ત્યારે એમનું કેમ્પિંગ થયું હતું .ગામની બહાર તંબુ બનાવીને ત્યાં બીજા દિવસે સવારે પરમાત્માની સ્નાત્ર પૂજા ભણાવતા હતા અને કેવી સરસ પ્રથા હતી એ સમયના લોકોની માત્ર જૈન જ નહીં પરંતુ એ ગામમાં જેટલા પણ રહેવાસી હતા એમને બોલાવતા હતા જ મળતા હતા અને એ સમયે ફતેચંદ વખારીયાએ જે આચાર્ય ભગવાન તો શ્રી ધર્મસુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં આ સંઘ કાઢ્યો હતો અને આ સંઘ જ્યારે ઇડર પહોંચ્યો .ત્યાં સ્નાત્ર પૂજા ભણાવાતી હતી અને ગામના બધાને બોલાવ્યા હતા કે પધારો અને સ્નાત્ર પૂજામાં જોડાવો ત્યારે આજુબાજુના ફોરેસ્ટ વિસ્તારમાં જ્યાં ભીલો રહેતા હતા તેઓ પણ આ પૂજામાં આવ્યા હતા.

સ્નાત્ર પૂજામાં. જ્યારે એ ભીલો પરમાત્માને જુએ છે ત્યારે એમને આવી મૂર્તિ ક્યાંક જોઈ હોવાનું યાદ આવે છે. તેઓ દોડ્યા દોડ્યા આચાર્ય ભગવાન ત પાસે જાય છે એમને કહે છે કે આજે પ્રતિમા જેના પર તમે સ્નાત્ર પૂજા કરી રહ્યા છો એમની ભાષા પણ અલગ હતી સામાન્ય રીતે સમજ માં ન આવે એવી એમની ભાષા હતી પણ તૂટીફુટી ભાષામાં એમણે જે પણ કહ્યું એ આચાર્ય ભગવંતને સમજમાં આવી ગયું કે આવી પ્રતિમા અમે પણ ક્યાંક જોઈ છે ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે આવી પ્રતિમા ક્યાં જોઈ છે તો કહ્યું કે આવો અમારા જંગલમાં આ આવી પ્રતિમાઓ અઢળક છે ત્યારે આચાર્ય ભગવંતને લાગ્યું કે આપ ભીલો સાચું બોલી રહ્યા છે. આપણને જો આવી પ્રાચીન પ્રતિમાઓ મળે તો કેટલું સરસ આલંબન આપણને પ્રાપ્ત થાય. એમણે સંઘપતિ ફતેચંદજીને વાત કરી કે આપણે જંગલમાં જઈએ અને એ પ્રતિમાઓના આપણે દર્શન કરીએ ત્યારે સંઘવી કહે છે કે સાહેબ આ લોકો ઉપર વિશ્વાસ ના મૂકી શકાય શું ખબર કે આપણને તેઓ જંગલમાં લઈ જાય અને આપણને લૂંટી લે ત્યારે આચાર્યશ્રી કહે છે કે આ ભીલોના હૃદય બહુ સ્વચ્છ છે અને

આપણે ચોક્કસપણે જઈએ અને પરમાત્માના દર્શન કરીએ. આ આ ભીલો જો વાત કરે છે તો એમાં સાચે કોઈ સત્યતા હશે. આ લોકો ખોટું બોલે એવા છે નહીં અને તે સંઘવી સંઘપતિ આચાર્ય ભગવંત બીજા અન્ય ગુરુઓ સાથે નીકળી પડે છે જંગલો ની અંદર માં ઘણું ઘણું અંદર ચાલતા ચાલતા  એ સ્થળે પહોંચે છે જ્યાં જ્યાં ખૂબ જ વિશાળ જિનાલયો હતા,ધ્વસ્ત અવસ્થામાં હતા. ખરાબ પરિસ્થિતિમાં હતા એવી ઘણી ઘણી અઢળક પ્રતિમાઓ હતી ઘણી પ્રતિમાઓ ખંડિત અવસ્થામાં હતી ઘણી પ્રતિમા ઉપર ભીલોએ ગોપન પણ કર્યું હતું એમને ખબર નહોતી તેઓ અજાણ હતા પણ ભોળા હતા અને એ પ્રતિમા ને જોઈને આચાર્ય ભગવંતને ખુશી અને દુઃખ પણ થાય છે. એની અંદર ત્રણ પ્રતિમાઓ એવી હતી જેની અંદર લગભગ ખૂબ સારી પરિસ્થિતિમાં હતી. એ વિશાળ પ્રતિમા આજના દિવસે પણ હિંમતનગરમાં બિરાજમાન છે અને આ જે જગ્યા છે તેને અમદાવાદની નજીક કુલ ફોરેસ્ટ કહેવામાં આવે છે.  તે આભાપૂરી નગર ની અંદર આ પ્રતિમાઓ હતી અને આ ભીલો દ્વારા આ પ્રતિમાઓ આપણને પ્રાપ્ત થઈ. આચાર્ય ધર્મસુરજી મહારાજા પ્રતિમાને પાછા લઈને આવ્યા અને સંઘપતિ ફતેચંદ વખારિયા એ આ પ્રતિમાઓને ફરીથી સ્થાપિત કર્યા અમુક જગ્યાએ જે જે ખંડિત થઈ હતી એને સમારકામ કરીને આજના દિવસે પણ આ પ્રતિમાઓનું નવું જિનાલય થવાનું છે લગભગ ફેબ્રુઆરી  માર્ચ માં તેનું પુનઃ નિર્માણ પ્રતિષ્ઠા છે આ હાલમાં જ એક એવી સંઘયાત્રા બની છે આવું સરસ એક કાર્ય થઈ રહ્યું છે કે જેનું વિવરણ અહીં આપણે કર્યું.

તીર્થયાત્રાનું પણ કેવું સત્કાર્ય થઈ શકે છે આપણા જ મહાપુરુષો દ્વારા એ ઉદાહરણ રૂપે આપણને જાણવા મળે છે તો આપણે વિચાર કરીએ કે આપણે જ્યારે પણ તીર્થયાત્રા કરીએ તો આપણને કેવા સરસ સ્મરણ થાય છે અને આપણને લાગે કે આપણે આ વિશે કંઈક લખવું જોઈએ એક ડાયરી મેન્ટેન કરવું જોઈએ કે આપણને કેવા અનુભવો થયા છે લખીને આપણી મેમરીમાં રાખીએ કે આગળ જતા ભવિષ્યમાં અન્યને કામ આવે અથવા આપણને પણ એ પુસ્તક ખોલીને વાંચીએ તો આપણે યાદ આવે કે આપણે કેવી સરસ તીર્થયાત્રા કરી હતી. આપણા પૂર્વ મહાપુરુષોએ જ્યારે જ્યારે યાત્રા કરી હતી ત્યારે ચૈત્ય પરિપાટીઓ ની રચના કરી હતી. સરસ કાવ્ય શૈલીમાં આ ચૈત્ય પરિપાટીઓ ની રચના કરી હતી અને તેની અંદર તેઓ આખી યાત્રાનું વિવરણ કરે છે કે તેઓની

યાત્રા કેવી રીતે થઈ થતી હતી. એમાં તેઓને જે તકલીફ થતી હતી તેનું વિવરણ હતું. અલગ અલગ જાણવા મળતું તેનું વિવરણ હતું તો આપણે જોઈ શકીએ છીએ કે લગભગ લગભગ આપણને 12 મી સદીથી અલગ અલગ પ્રકારની ચૈત્ય પરિપાટી ના નામ મળે છે કયા કયા મુની ભગવાન તો કે કયા કયા શ્રાવકો દ્વારા આ ચૈત્ય પરિપાટીઓની રચના થઈ છે.

એ ખુબ જ સરસ દ્રષ્ટાંત છે સુરતની ચૈત્ય પરિપાટીની એ છે કે કે સુરતના ગામ ગોપીપુરા ની અંદર કેટલા બધા જિનાલય છે, કેટલી પ્રતિમાઓ છે એ પ્રતિમાઓનું નિર્માણ કોણે કોણે કરાવ્યું? કયા કયા સાલમાં થયું એ બધું એ બધું ચૈત્ય પરિપાટીમાં છે. હિસ્ટોરિકલ રિપોર્ટ રેકોર્ડ ના રૂપે પણ એનું ખૂબ મહત્વ છે મહત્વ વધી જાય છે કે માત્ર એક કાવ્યની દ્રષ્ટિએ નહીં કે માત્ર એક યાત્રાની દ્રષ્ટિએ નહીં પણ એક હિસ્ટોરિકલ એવિડન્સ ના રૂપે આજે એનું મહત્વ કેટલું વધી જાય છે આજના દિવસે આપણે એ ચૈત્ય પરિપાટી ખોલીએ તો લાગે કે આ વસ્તુ અહીં લખી હતી એનો અહોભાવ વધી જાય જ્યારે આપણે એને સામે જોઈએ છે ત્યારે અને જો સામે ના દેખાય પડતા કાળમાં કેટલી વસ્તુઓનો નાશ થયો હશે. સમેત શિખર રાસ જેનું વર્ણન આજે જ્યાં કાશી વિશ્વનાથનું મંદિર છે એમને એમણે રાસની અંદર ચોખ્ખું લખેલું છે કે કાશી વિશ્વનાથ ની બાજુમાં આપણું જિનાલય હતું. ત્યાં ચતુર્મુખી પ્રતિમાઓ હતી અને ત્યાં લાલ વર્ણની પ્રતિમાઓ હતી અને સંઘે પૂજા કરી હતી.આજના દિવસે મંદિર ત્યાં હયાત નથી. આપણને ખબર પડે કે કાશી વિશ્વનાથ મંદિરની બાજુમાં જ આપણું જિનાલય સ્થિત હતું .

હજી એક ઇન્ટરેસ્ટિંગ વાત એ રાસમાં આપણને ખબર પડે છે કે તેઓ જ્યારે સમિત શિખર પહોંચ્યા હતા ત્યાં પહોંચવા પહેલા પણ કયા કયા રાજાઓ એ એમને સપોર્ટ કર્યો કયા કયા રાજાએ એમને હેરાન કર્યા- એ બધાનું વર્ણન એમાં મળે છે પાવાપુરી નજીક એક ગુફા નું પણ વિવરણ છે કે પરમાત્મા એ સાધના કરી હતી એ એ ભૂમિ નું પણ વર્ણન છે પણ જે આપણને પ્રાપ્ત થતા નથી. સાથે સાથે સમેતશિખર તીર્થમાં એ પણ લખ્યું છે કે પહાડ ઉપર કઈ કઈ જાતની વનસ્પતિઓ હતી, એ પહાડ ઉપર સ્તૂપો કેવા હતા અને તેની પૂજા કેવી રીતે થઈ હતી. લગભગ લગભગ 17 મી સદી સુધી ના અવશેષ હતા તેનું આપણને પ્રમાણ મળે છે અને 17 મી સદી પછી

સમેતશિખરમાં કોઈ સ્તુપનું વર્ણન મળતું નથી. આવી અલગ અલગ ચૈત્ય પરિપાટીઓ આપણને પ્રાચીન ગુરુ ભગવંતો એ વારસામાં આપી છે. જે આજે પણ વિદ્યમાન છે. એનું આપણે સ્ટડી કરી શકીએ છીએ. ખુબ સરસ રીતે અધ્યયન કરી શકીએ છીએ.

જેમ શ્વેતાંબર હોય છે તે પરિપાટી ની રચના કરી એમ દિગંબર પરંપરામાં પણ તીર્થ વંદના કહેવામાં આવતી હતી. આપણામાં ચૈત્ય પરિપાટી કહેવામાં આવતી હતી એમાં દિગંબરોમાં તીર્થ વંદના કહેવામાં આવતી હતી એમાં પણ ખૂબ જ લગભગ 12 મી સદીથી જે કે પરિપાટી ના કાવ્યો આપણને મળે છે એમાં પણ દિગંબર પરંપરાના અલગ અલગ તીર્થોનું જે ખૂબ જ પ્રચલિત છે મુક્તા ગીરી ના તીર્થ છે જેવી રીતે આપણે માણીક્ય સ્વામી જેને આપણે પર કુલપાકજી કહીએ છીએ તેની પણ તીર્થ વંદના છે માંગીતુંગી તીર્થ છે જે તેઓમાં ખૂબ જ પ્રચલિત છે તેની પણ તીર્થ વંદનાઓ વિસ્તારથી વિવરણ કરવામાં તેઓની પરંપરામાં છે.

તો પ્રાચીનકાળમાં સામાન્ય રીતે તીર્થયાત્રા જે કરતા હતા તેઓ નિયમ ખૂબ સરસ રીતે પાડતા હતા અને તેના દ્વારા તીર્થયાત્રા કરતા હતા આજના સમયે સુખ સુવિધા રૂપે આપણે યાત્રા કરીએ છીએ તેવી રીતે તેઓ નહોતા કરતા અને છરીનું પાલન કરતાં કરતાં તેઓ યાત્રા કરતા હતા.આજે માત્ર છરી પાલિત સંઘમાં જ આના નિયમો ફોલો થાય છે બાકી સામાન્ય રીતે તીર્થયાત્રામાં કોઈ નિયમો ફોલો થતા જ નથી તેવા સરસ નિયમો હતા કે દિવસનું એક જ વાર ભોજન કરતું એકાસણા કરવા ભૂમિ ઉપર એક જ આસન પાથરીને સૂવું એટલે કે ભૂમિશયન કરવું જેના પાલન થાય તીર્થયાત્રા માટે એની માટે પગે ચાલતા હતા તમને એક વસ્તુ પર શ્રદ્ધા રાખતા હતા.સચિત નો ત્યાગ કરતા હતા બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. આજે જે માત્ર ને માત્ર છરી પાલિત સંઘમાં જ થાય છે પણ તે સમયે બધા જ મહાપુરુષો જ્યારે તીર્થયાત્રા કરતા હતા ત્યારે છરી પાલિત સંઘ નું પાલન કરતા હતા જ્યારે આજના સમયમાં આપણા માટે આ પોસિબલ નથી રહ્યું ત્યારે આપણે અમુક નિયમતો જાતે જ લઈ શકીએ છીએ. કમ સે કમ રાત્રી ભોજન નો ત્યાગ કરી શકીએ છીએ. કંદમૂળ આદી ભક્ષણનો ત્યાગ કરી શકીએ છીએ. કોઈને કોઈ વ્રત વ્રતપનું પચખાણ લઈ શકીએ છીએ. બ્રહ્મચર્યનું પાલન કરી શકીએ છીએ.દરેક તીર્થ ભૂમિમાં પૂજા કરી શકીએ ત્યાં લગભગ

લગભગ પ્રાયઃ કરીને જેટલી પણ આપણી કલ્યાણક ભૂમિ છે જ્યાં ઘણી બધી અપેક્ષાઓ છે. જ્યાં ઘણા બધા સુધારાની જરૂરત છે ત્યાં સાધારણ ખાતામાં ભંડારમાં ભરાવું .જ્યાં જ્યાં અશાતના થતી દેખાય ત્યાં ત્યાં ટાળવાના પ્રયત્નો કરીએ. આ બધી જ સામાન્ય દ્રષ્ટિએ આપણે જોઈ શકીએ કે છરીનું પાલન ના કરી શકીએ પણ આ પણ આ બધાં નિયમોનું પણ જો પાલન કરી શકીએ તો આપણી તીર્થયાત્રા કમ સે કમ સફળ ગણી શકાય. આમ આ પ્રકારે આપણે આપણા જૈન તીર્થોની અવધારણા વિશે જાણી શકીએ છીએ.

**************************************************************************************************************************